# મોડાસા નગરપાલિકામાં ભગવો લહેરાયો

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લમાં સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મોડાસા નગરપાલિકાની ૨૯મીએ યોજાયેલી ચૂંટણીની બુધવારના રોજ ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે મતગણતરી યોજાઈ હતી. જેમાં મોડાસા નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો. નગરપાલિકાના ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલન ફેક્ટરની હવા નીકળી ગઈ હતી. નગરપાલિકાની ચૂંટણીના પરીણામમાં હિન્દુત્વનો મુદ્દો ભાજપના ઉમેદવારોને જીતાડવામાં મહત્વનો સાબીત થયો હતો. મોડાસા શહેર નગરપાલિકાના જીતેલા ઉમેદવારોએ ડી.જે.ના તાલે વિજય સરઘસ નિકાળ્યા હતા. કોંગ્રેસને અપક્ષ ઉમેદવારો અને ક્રોસ વોટીંગે હવા નીકાળી દીધી હતી.

હતી. કોંગ્રેસના ઉમેદવારોએ વોર્ડ નં. ૫માં બે વિજેતા બનતા શ્રીગણેશ કર્યા હતા. મોડાસા નગરપાલિકાની ચૂંટણીઓમાં કોંગ્રેસ ટીકીટ ફાળવણીમાં આયોજનનો અભાવના લીધે કોંગ્રેસનો ગઢ ગણાતા લઘુમતિ વિસ્તારમાં ૮ અપક્ષો ચૂંટાઈ આવ્યા હતા. લઘુમતિ વિસ્તારમાં શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા પણ માંડ માંડ જીતી શક્યા હોય તો બીજા ઉમેદવારોની આશા કેવી રીતે રાખી શકાય ? તેવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. કોંગ્રેસના અગ્રણી આફતાબ દુરાનીએ અપક્ષમાં ઉમેદવારી કરતા કારમી હાર સહન કરવી પડી હતી. મોડાસા નગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપના પ્રમુખ (જિલ્લા) ભરતસીંહ રહેવર અને જિલ્લા મહામંત્રી ધીરેન પ્રજાપતિ આગવી સૂઝબુઝથી ટીકીટની ફાળવણી કરતાં ભગવો લહેરાયો હતો.

ભાજપા દ્વારા થયેલી ટીકીટ વહેંચણીના મુદ્દે પક્ષમાં ભારે નારાજગી જોવા મળતી હતી ત્યારે આજની મતગણતરીમાં ભાજપાનો ભવ્ય વિજય થતાં ટીકીટવાંચ્છુઓની બોલતી બંધ થઈ ગઈ હતી.



**ભાજપ ૧૮, કોંગ્રેસ ૧૦ અને અપક્ષના ફાળે ૮ બેઠકો : ભાજપાની ભવ્ય રેલી**

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક બન્યા પછી યોજાયેલી મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ફરી એકવાર ભાજપ પર પ્રજાજનોએ જીતનો કળશ ઢોળ્યો હતો. મોડાસાની કોલેજ કેમ્પસમાં આવેલી જે.બી. શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં મતગણતરી હોવાથી વહેલી સવારથી બન્ને પક્ષના ઉમેદવારો જીતના દાવા સાથે ટેકેદારો સાથે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સવારે ૯ કલાકે રાબેતા મુજબ શરૂ થયેલી મતગણતરીમાં વોર્ડ નં. ૧ માં ભાજપના ૪ ઉમેદવારોની અનિશ્ચિત લાગતો વિજય નિશ્ચિત બનતા ભાજપના સદસ્યો અને કાર્યકરો ઝૂમી ઉઠ્યા હતા. સતત વોર્ડ-૪ સુધી ભાજપની પેનલ જીતતા કોંગ્રેસનો એક પણ ઉમેદવાર જીતી ન શકતા ખાતુ ખોલાવી ન શકતા કોંગ્રેસમાં ઉદાસીનતા અને ગમગીની છવાઈ ગઈ

મોડાસા નગરપાલિકામાં કોંગ્રેસપક્ષ દ્વારા પાટીદાર અનામત ફેક્ટરને ધ્યાનમાં રાખી ટીકીટ વહેંચણી કરી હોવા છતાં કોંગ્રેસપક્ષ કે પાટીદાર ઉમેદવારોને પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો હતો. કોંગ્રેસના ઉમેદવારોએ જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતુ પરંતુ છેલ્લા ૨૦ વર્ષથી ચાલી આવતો હિન્દુત્વનો મુદ્દો પ્રજાજનોના મગજમાંથી નિકાળવામાં સફળ ન રહેતા કારમી હાર સહન કરવી પડી હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી જીતવા તનતોડ મહેનત કરી હોવા છતાં લઘુમતિ વિસ્તારોમાં અપક્ષ બાજી મારી ગયા હતા. ફરીથી ભાજપાના ચક્રવ્યૂહમાં કોંગ્રેસ આબાદ ફસડાઈ પડી હતી.

# અરવલ્લી જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતમાં ભાજપના સુપડા સાફ

## અરવલ્લી જીલ્લા પંચાયતમાં કોગ્રેસને ફાળે ૨૧, ભાજપને ફાળે ૮ તેમજ અપક્ષને ફાળે ૧ બેઠક

મોડાસા, તા ૨

અરવલ્લી જીલલા માં સ્થાનીક સ્વરાજય ની ચુંટણીઓ ના પરિણામો આજરોજ કોગરેસ માટે નફારુપ પુરવાર થયા છે. જેમાં અરવલલી જીલલા પંચાયતની ૩૦ બેઠકો અને તાલુકા પંચાયત ની ૧૨૮ બેઠકો પૈકી મોટાભાગની બેઠકો પર કોગરેસ નો ભવ્ય અને જવલંત વિજય હાસીલ કર્યો છે. જયારે અરવલ્લી જીલલા પંચાયત ની પ્રથમ વખત યોજાએલી ચુંટણી માં ૩૦ બેઠકો પૈકી ૨૧ બેઠકો કોગ્રેસે કબજે કરી ને અરવલલી જીલલા માં થી ભાજપ ના સુપડા સાફ કરી નાખ્યા છે ત્યારે તાલુકા પંચાયતની વાત કરીએ તો ભાજપનો ગઢ ગણાતી બાયડ મોડાસા તેમજ ધનસુરા અને ભીલોડા તાલુકા પંચાયત પણ કોગ્રેસે કબજે કરી ને આ વખતની ચંટણી માં ભાજપને ઘર નો રસ્તો બતાવી દીધો છે જયારે મેઘરજ તાલુકા પંચાયતની સીટ ઉપર ભાજપ પોતાનો દબદબો સાચવવામાં સફળ રહયુ છે.

આજ રોજ સવારે ૮.૩૦ વાગ્યા એ અરવલ્લી જીલલા પંચાયતની ૩૦ અને તાલુકા પંચાયત ની ૧૨૮ બેઠકો માટે અરવલ્લી જીલલા માં ૬ કાઉનટીગ સેન્ટર પર મતગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં ભીલોડા કોલેજ ખાતે બાયડ એનએચ શાહ હાઈસ્કુલ ખાતે મોડાસા એન્જીનીયરીગ કોલેજ ખાતે ધનસુરા જેએસ મહેતા હાઈસ્કુલ ખાતે માલપુર પીજીમહેતા હાઈસ્કુલ ખાતે મેઘરજ પીસીએન હાઈસ્કુલ ખાતે તેમજ મોડાસા જેબીશાહ ઈગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે નગરપાલિકા ની ગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં જેમ જેમ પરીણામો આવતા ગયા તેમ તેમ ભાજપ અને કોગરેસ ના કેટલાક ઉમેદવારો માં કહી ખુશી....કહી ગમ..... જેવો માહોલ સર્જાયો હતો

બપોરે ૩ વાગ્યા સુધી માં તમામ બેઠકો ના પરીણામો જાહેર થઈ ગયા હતા જેમાં અરવલલી જીલલા પંચાયત અને તાલુકા પંચાયતની મોટાભાગની સીટો પર કોગ્રેસ નો પંજો ભાજપ ઉપર ભારે પડયો હતો જયારે પરીણામો કોગ્રેસ તરફી જાહેર થતાં કોગ્રેસ ના ઉમેદવારો અને કાર્યકરો માં તહેવાર જેવો માહોલ સર્જાયો હતો સમગ્ર જીલલા માં કોગરેસ ના ઉમેદવારો ધ્વારા ડી.જે સાઉનડ ના તાલે ભવ્ય વિજય સરઘસ કાઢવામાં આવ્યા હતા અને અબીલ ગુલાલ ની છોડો ઉડાડવામાં આવી હતી અરવલલી જીલલા પંચાયત ની પ્રથમ વખત યોજાએલી ચુટણી માં પ્રથમ વખતે જ જીલલા પંચાયત કોગરેસે કબજે કરી લેતા ભાજપના ગઢ માં સોપો પડી ગયો હતો જયારે જીલ્લા પંચાયત ની ૩૦ સીટો પૈકી ૨૧ સીટો પર કોગ્રેસુ બાજી મારી હતી જયારે ૮ સીટો પર ભાજપ અને ૧ સીટ પર અપક્ષ ઉમેદવાર વીજયી બન્યા હતા જયારે તાલુકા પંચાયત ની ૧૨૮ સીટો પૈકી ૭૬ બેઠકો પર કોગ્રેસે કમળ ને ખીલવાજ દીધુ ન હતુ અને ભાજપ ને ૪૫ સીટ થી જ સંતોષ માનવો પડયો હતો જયારે ૭ બેઠકો પર અપક્ષો વિજયી બન્યા હતા જયારે બાયડ મોડાસા ધનસુરા અને ભીલોડા તાલુકા પંચાયત માં કોગ્રેસ બીરાજમાન થશે જીલ્લા માં કોગ્રેસ ને મળેલા ભવ્ય વિજય બાદ કોગરેસ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા રાજેન્દ્રસિંહ ઠાકોર અને ડો અનીલભાઈ જોષિયારા તેમજ પ્રદેશ મંત્રી અરૂણભાઈ પટેલ અને વનરાજસિંહ રાઠોડ તેમજ જીલ્લા કાર્યકારી પ્રમુઅ કમલેન્દ્રસિંહ પુવારે આ જીત કોર્યકરો ની મહેનત ને આભારી ગણી હતી અને તમામ વિજેતા ઉમેદવારો ને અભિનંદન પાઠવ્યા હતા જયારે કોગ્રેસ ને આ વખતે જીલ્લા ની પ્રજાની સેવા કરવાની જે તક મળી છે તે તક કોગરેસ સાર્થક કરી ને બતાવશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો.



**બાયડ, ધનસુરા, મોડાસા અને ભીલોડા તાલુકા પંચાયત કોગ્રેસે કબજે કરી : મેઘરજમાં ભાજપ યથાવત : માલપુર તાલુકા પંચાયતમાં સત્તા મેળવવા માટે અપક્ષો હુકમના એકકા**



### માલપુર તાલુકા પંચાયત હસ્તક કરવા માટે અપક્ષો હુકમના એકકા સાબીત થશે

સ્થાનીક સ્વરાજયની યોજાએલી ચુટણીમાં અરવલ્લી જીલ્લામાં ભાજપના સુપડા સાફ થઈ ગયા બાદ અને અરવલલી જીલલાની ૪ તાલુકા પંચાયત પણ કોગ્રેસે કબજે કરી હતી. જયારે માલપુર તાલુકા પંચાયતની ૧૬ બેઠકો પૈકી ૬ કોગ્રેસ અને ૬ ભાજપને ફાળે ગઈ હતી. જયારે ૪ સીટો અપક્ષ ને ફાળે જતા હાલ માલપુર તાલુકા પંચાયત બનાવવા માટે અપક્ષોની ભુમીકા મહત્વની રહેશે.

### જિલ્લા પંચાયતની માલપુર બેઠકના અપક્ષ ઉમેદવાર જશુભાઈ પટેલ સૌથી વધુ લીડથી વિજેતા

આજે જાહેર થયેલા સ્થાનીક સ્વરાજયની ચુટણીના પરીણામોમાં અરવલલી જીલ્લા પંચાયતમાં અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસે ભાજપના સુપડા સાફ કરી નાખ્યા છે ત્યારે માલપુર જીલ્લા પંચાયતની સીટ એ આ વખતે ત્રીકોણીયો જંગ ખેલાયો હતો. જેમાં કોંગ્રેસના ગત ટર્મના જીલ્લા સદસ્ય જશુભાઈ પટેલને કોગ્રેસે ટીકીટ ન આપતા તેઓ અપક્ષ ઉપર ઉમેદવારી નોધાવી હતી અને પોતાનો દબદબો જાળવી રાખીને જીલ્લામાં સૌથી વધુ ૫૦૦૦ની લીડથી જીત પોતાની તાકાતનો પરચો બતાવી દીધો હતો.

# ડીસા નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો

## ભાજપ ૨૧, કોંગ્રેસ ૬ તેમજ અપક્ષ ૧૭ સીટો પર વિજયી

પાલનપુર, તા. ૨

બનાસકાંઠાના ડીસામાં નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓના આજરોજ પરિણામો જાહેર થયા છે, જેમાં ભાજપે સહુથી વધુ ૨૧ સીટો મેળવતા ભાજપ પાલિકામાં સત્તારૂઢ બની રહ્યું છે. તો વળી હાલની આ ચૂંટણીમાં કોંગ્રેસનો દેખાવ કંગાળ રહ્યો છે. કોંગ્રેસને માત્ર અહીં ૬ બેઠકો મળી છે, જ્યારે ૧૭ જેટલા અપક્ષો પણ અહીં ચૂંટાઈ આવ્યા છે, જોકે અહી કોંગ્રેસની જીતવાળી ૬ બેઠકોમાં કોંગ્રેસના પૂર્વ પાલિકા પ્રમુખ વિપુલભાઈ શાહ, તેમના ધર્મપત્ની અને બીજી ટર્મના પાલિકા પ્રમુખ કેલાશબેન શાહ અને તેમની પુત્રી ભાવીબેન શાહ આ તમામ ૩ ઉમેદવારો પોતપોતાના વોર્ડમાં વિજેતા બન્યા છે, અહીં ભાજપને બહુમતી માટે માત્ર ૨ બેઠકોની જરૂર હોઈ અને ૧૭ અપક્ષોમાં સમ વિચારસરણીવાળા અનેકો હોઈ ભાજપ અહી સત્તારૂઢ થઈ રહ્યું છે.

ડીસાની નગરપાલિકાની હાલની આ ચૂંટણીમાં સરેરાશ ૬૬.૬૨ ટકા મતદાન નોંધાયું હતું. જેનાથી પરિણામો કોની તરફ રહેશે તે માટે લોકોમાં ખાશી ઉત્સુકતા પણ જોવા ણળી હતી. ડીસાની હાલની આ નગરપાલિકાની ચૂંટણીમાં ૪૪ બેઠકો માટે ૧૬૦ ઉમેદવારોએ પોતાનું નસીબ અજમાવ્યું હતું. અહી ભાજપે ૪૪ બેઠકોમાં ૪૩ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા, જ્યારે કોંગ્રેસ-અપનાદળ ગઢબંધન કરી આ ચૂંટણી લડ્યા હતા. જેમાં કોંગ્રેસ ૨૫ બેઠકો પર જયારે અપનાદળ ૧૯ બેઠકો પર હાલની આ ચૂંટણી લડ્યું છે. અહીં ભાજપે અગાઉની ચૂંટણીમાં ૧૬ બેઠકો મેળવી હતી, જો કે તેમ છતાં કોંગ્રેસના વિપુલ શાહે માત્ર કોંગ્રેસની ૪ બેઠકો હોવા છતાં અપક્ષો સહારે ભાજપની સત્તા અવિશ્વાસની દરખાસ્તે ગગડાવી અહી ૪ વર્ષ સુધી સત્તા ભોગવી હતી. જોકે અહી બોધપાઠ લઈ ભાજપે પ્રદેશ ભાજપના હોદ્દેદારો સહીત વિધાનસભાના દાવેદાર એવા દિગ્ગજોને ટીકીટ ફાળવી હતી. અને ભાજપનો આ ચૂંટણી દાવ સફળ રહ્યો હતો. અહી દિગ્ગજ કહી શકાય તેવા તેમજ આગામી વિધાનસભાના દાવેદાર ગણાતા પ્રદેશ યુવા ભાજપના મંત્રી પ્રવીણભાઈ માળીને વોર્ડ નં. ૧માં જિલ્લા યુવા ભાજપ પ્રમુખ અમરતભાઈ દવેને વોર્ડ નંબર-૪માં, ગુજરાત વેલ્ફર બોર્ડના ડીરેક્ટર શશીકાંતભાઈ પંડ્યાને વોર્ડ નં. ૬માં તેમજ શહેરભાજપ મંત્રી રાજુભાઈ ઠાકોરને વોર્ડ નં. ૮માં વિજયી બન્યા છે, આ ચારેય ઉમેદવારો બાહુબલી તરીકે નામાંકિત છે અને આગામી વિધાનસભા ડીસાના દાવેદાર એવા ઉમેદવાર ગણાય છે, ત્યારે તેમને ટીકીટ ફાળવતા અહી ભાજને ભારે સફળતા મળી છે.

હાલની આ ચૂંટણીમાં અનેકો નવીન યુવા ચહેરા પ્રતિભાશાળી હોઈ વિજેતા બન્યા છે. ભાજપને બહુમતી માટે ૨૩ બેઠકોની જરૂર છે. હાલની ચૂંટણીમાં ૨૧ બેઠકો પર ભાજપ વિજયી બન્યું છે અને બહુમતી માટે ૨ બેઠક જોઈએ છે, જે તે મેળવી શકવા સક્ષમ બન્યુ હોઈ અહી ભાજપ નિશ્ચિત રીતે સત્તામાં આવી રહ્યું છે. હાલની આ ચૂંટણીમાં કુલ ૧૬૦ ઉમેદવારોમાં સહુથી વધુ ૩૪૦૯ મત સાદિક મહમ્મદ અબ્દુલસમદ કુરેશી વોર્ડ નં. ૯ પ્રથમ ક્રમે રહ્યઆ છે. જ્યારે બીજા ક્રમે ભાજપના વોર્ડ નં. ૧ ના પ્રવીણભાઈ માળી વિજેતા બન્યા છે.

અહી ભાજપ સત્તા સ્થાને આવતા જે પ્રમુખપદના દાવેદાર છે તેમાં બીજી વખત રીપીટ બાદ આખી પેનલને વોર્ડ નં. ૪માં વિજેતા બનાવનાર અને અગાઉ ઉપ પ્રમુખ રહેલા ભાજપના નીલેશભાઈ ઠક્કર સહુથી વધુ મજબુત દાવેદાર માનવામાં આવી રહ્યા છે. ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના મંત્રી પ્રવીણભાઈ માળી, ગુજરાત શ્રમ અને વેલ્ફર બોર્ડના ડીરેક્ટર શશીકાંતભાઈ પંડ્યા, બનાસકાંઠા ભાજપ યુવા મોરચાના પ્રમુખ અમરતભાઈ દવેના નામો હાલથી જ ચર્ચિત બન્યા છે, ત્યારે બીજી તરફ ભાજપની જીતથી કાર્યકરો અને તેમના ટેકેદારોમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. અને વિજેતા ઉમેદવારોના ઠેર ઠેર વિજય સરઘસ નીકળ્યા હતા.



# ઊંઝા નગરપાલિકાની ૩૬ બેઠકો પૈકી ૩૫ બેઠકો પર અપક્ષ ઉમેદવારો મેદાન મારી ગયા

ઊંઝા, તા. ૨

ઊંઝા નગરપાલિકાના ૯ વોર્ડની કુલ ૩૬ બેઠકો માટે ભારે રસાકસીભરી રીતે યોજાયેલ ચૂંટણી બાદ આજે મતગણતરી થતાં પાલિકામાં અપક્ષો મેદાન મારી ગયા છે. કુલ ૩૬ બેઠકો પૈકી ૩૫ બેઠકો પર અપક્ષ ઉમેદવારો ચૂંટાઈ આવ્યા છે. જેથી આ વખતની ચૂંટણીમાં અપક્ષો સત્તા કબજે કરશે. પાલિકાની આ વખતની ચૂંટણીમાં સૌપ્રથમવાર કોંગ્રેસના ચિન્હ હેઠળ ફક્ત પાંચ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉભા રહ્યા હતા. જેમાંથી ફક્ત વોર્ડ નં. ૯માંથી એક જ ઉમેદવાર વિજયી થયેલ છે.

# ભિલોડા તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં કોંગ્રેસનો દબદબો

## તાલુકા પંચાયતની ૨૦ બેઠકો કોંગ્રેસના ફાળે, જીલ્લા પંચાયતની ૬ બેઠકો કોંગ્રેસના ફાળે, ભિલોડા જીલ્લા પંચાયતની ૧ બેઠક ભાજપના ફાળે

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ભારે રસાકસીભર્યા ચુંટણી જંગમાં ભિલોડા તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં તાલુકા પંચાયતની ૨૦ સીટો કોંગ્રેસના ફાળે, જીલ્લા પંચાયતની ૬ સીટો કોંગ્રેસના ફાળે, ભિલોડા જીલ્લા પંચાયતની ૧ સીટ ભાજપના ફાળે આવી છે. ભિલોડા ભાજપના ગઢમાં જીલ્લા પંચાયત સીટ વિષ્ણુંકુંવરબા લાલસિંહજી ચૌહાણએ જવંલત વિજય હાંસલ કરેલ છે. વિષ્ણુંકુંવરબા ચૌહાણનું વિજય સરઘસ ડી.જે.ના તાલે કાઢવામાં આવ્યું હતું. ભિલોડા ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી હતી.





ભિલોડા આર.જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં મતગણતરી હાથ ધરાઈ હતી.ભિલોડા તાલુકામાં કોંગ્રેસનો જ્વંલત વિજય થયો હતો.

કોંગ્રેસના જીલ્લા પંચાયતના વિજેતા ઉમેદવારોની યાદી

(૧) રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘી, કિશનગઢ સીટ (૨) શુભેન્દ્રસિંહ સજજનસિંહજી સિસોદીયા, નાંદોજ સીટ (૩) ચીમનભાઈ નાનજીભાઈ કટારા, કુંડોલ-પાલ સીટ (૪) લાલજીભાઈ સળુભાઈ બોડાત, જેસીંગપુર સીટ (૫) જમનાબેન દિનેશભાઈ વિસાત, મોટા કંથારીયા સીટ (૬) મંજુલાબેન તુલસીભાઈ પાંડોર, ઓડ સીટ

કિશનગઢ જીલ્લાપંચાયત સીટ ઉપર કોંગ્રેસના ઉમેદવાર વિજેતા ઉમેદવાર રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીની સામે જીલ્લા પંચાયતના ભાજપના ઉમેદવાર અમરતલાલ અળખાભાઈ બરંડા ભિલોડા તાલુકા પંચાયત ભાજપ પ્રમુખનો કારમો પરાજય થયેલ છે.

# ધાનેરા નગરપાલિકાની પેટા ચૂંટણીમાં બે બેઠક પર ભાજપે કબજો મેળવ્યો તો બે બેઠક પર કોંગ્રેસે

ધાનેરા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાની ધાનેરા નગરપાલિકાની ચાર સીટની પેટા ચૂંટણીની આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં બે સીટ પર ભાજપે કબજો મેળવ્યો તો બીજી બે સીટ પર કોંગ્રેસના ઉમેદવાર વિજય બનતા લોકોમાં ખુશી જોવા મળી હતી.

બનાસકાંઠા જિલ્લાની ધાનેરા નગરપાલિકાના ચાર સભ્યોને પક્ષ દ્વારા સસ્પેન્ડ કરતા ધાનેરામાં ફરી ચાર સભ્યોની તારીખ ૨૯-૧૧-૨૦૧૫ના રોજ ચૂંટણી યોજાઈ હતી. જેની આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વોર્ડ નં. ૧માં ભાજપના ઉમેદવાર દજાભાઈ ભુદરાભાઈ તારક વિજય બન્યા હતા. વોર્ડ નં. ૨માં કોંગ્રેસના નરપતસિંગ વાઘાજી રાજપૂત વિજય બન્યા હતા. વોર્ડ નં. ૫ માં લાન્છીબેન નાનજીભાઈ પટેલ વિજય બન્યા હતા. વોર્ડ નં. ૬માં ઈન્દુબેન રાજેશભાઈ વિજય બન્યા હતા. આમ કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષને બે બે સીટ મળી હતી. વિજેતા ઉમેદવારોને ફૂલહાર પહેરાવી તેમજ ફટાકડા ફોડી લોકોએ ખુશી મનાવી હતી. અને ઉમેદવારો સારૂ કામ કરે તેવી શુભેચ્છા પણ આપી હતી અને શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# પાટીદારોના ગઢ ગણાતા મહેસાણા જિલ્લામાં જ ભાજપનો જોરદાર રકાસ

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લા પંચાયત, દસ તાલુકા પંચાયતો અને ચાર નગરપાલિકાઓની ચૂંટણીના પરિણામો આજે જાહેર થતાં જિલ્લામાં કોંગ્રેસનો વિજય થયો છે. જ્યારે ભાજપનો મુખ્યત્વે પરાજય થયો છે. સમગ્ર જિલ્લામાં આ વખતની ચૂંટણીમાં પાટીદારોની બહુમતિ ધરાવતા વિસ્તારોમાં પાટીદાર અનામતના મુદ્દાની ઘેરી અસર પડતાં ભાજપનો રકાસ થયો છે.

મહેસાણા જિલ્લા પંચાયતની કુલ ૪૨ બેઠકોની યોજાયેલ ચૂંટણીમાં કોંગ્રેસે ૩૩ બેઠકો પર વિજય મેળવી ભાજપ પાસેથી સત્તા આંચકી લીધી છે. આ ચૂંટણીમાં ભાજપને ફાળે ફક્ત ૯ બેઠક ગઈ છે. જીલ્લાની કુલ દસ તાલુકા પંચાયતોમાં મુખ્યત્વે કોંગ્રેસે બહુમતિ મેળવી લીધી છે. જિલ્લાની મહેસાણા, વિસનગર, વિજાપુર, ઊંઝા, જોટાણા, ખેરાલુ, સતલાસણા, બેચરાજી તાલુકા પંચાયતોમાં કોંગ્રેસે સત્તા કબજે કરી છે. જિલ્લાની કડી અને વડનગર તાલુકા પંચાયતના પરિણામોનું ચિત્ર સાંજ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં મહેસાણા પાલિકામાં કોંગ્રેસ, વિસનગરમાં વિકાસમંચ અને કોંગ્રેસ અને ઊંઝાપાલિકામાં અપક્ષો મેદાન મારી ગયા છે. જ્યારે કડી પાલિકામાં ભાજપે પુનઃ સત્તા જાળવી રાખી છે. આમ સમગ્ર જિલ્લામાં મુખ્યત્વે કોંગ્રેસનો જયજયકાર થતાં ભાજપમાં સોપો પડી ગયો છે.

# ઊંઝા તાલુકા - જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો જવલંત વિજય

ઊંઝા, તા. ૨

ઊંઝા તાલુકામાં જિલ્લા, તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો જવલંત વિજય થયો છે જ્યારે ભાજપનું ધોવાણ થયું છે.

ઊંઝા તાલુકામાં સમાવિષ્ટ મહેસાણા પંચાયતની ત્રણ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો વિજય થયા છે. જિલ્લા પંચાયતની ઉનાવા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર મહેશભાઈ ડી. ચૌધરી ૬૦૯૧ મતોની સરસાઈથી વિજયી થયા છે.

જ્યારે કામલીની બેઠક પર કોંગ્રેસના રામભાઈ વી. પટેલ ૫૫૭૪ તેમજ કહોડાની સામાન્ય સ્ત્રી અનામત બેઠક પર કોંગ્રેસના સુરેખાબેન ડી. પટેલ ૫૪૧૫ મતોની સરસાઈ મેળવીને ચૂંટાઈ આવ્યા છે. પાછલી ટર્મમાં જિલ્લાની ત્રણ સીટો પર ભગવો લહેરાયો હતો.

જ્યારે આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસે ત્રણેય બેઠકો કબજે કરી છે. જ્યારે ઊંઝા તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો પૈકી મક્તુપુર સીટ કોંગ્રેસના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર ૧૭ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસે ૧૨ બેઠકો પર વિજય મેળવી લીધો છે. દાસજની ફક્ત એક બેઠક ભાજપના ફાળે ગઈ છે.

જ્યારે અપક્ષો ૬ બેઠકો પર વિજયી થયા છે. આમ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તાના સુત્રો સંભાળશે. દરમિયાન ઊંઝા તાલુકામાં જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો પૈકી ઉનાવાની બેઠક પર ભાજપના ઉમેદવાર હરીભાઈ એન. પટેલ (જિલ્લા ભાજપ ઉપપ્રમુખ)નો કારમો પરાજય થયો હતો.